

## ભિલોડા કોંગ્રેસ હોદ્દેદારો અને કાર્યકરો ધ્વારા વિરોધ પ્રદર્શન કાર્યક્રમ યોજાયો

અરવલ્લી જીલ્લાના ભિલોડા એસ.ટી.બસ સ્ટેન્ડ પાસે કોંગ્રેસ હોદ્દેદારો અને કાર્યકરો ધ્વારા વિરોધ પ્રદર્શન કાર્યક્રમ યોજાયો હતો. ભિલોડા ધારાસભ્ય ડૉ.અનિલભાઈ જોષીયારા, બલભદ્રસિંહ ચંપાવત, રાજુભાઈ પારઘી, વનરાજભાઈ ડામોર, નિકુંજભાઈ પરમાર, બાબુલાલ પરમાર, શાંમળભાઈ ભાંભી, વાલજીભાઈ પરમાર, રમણભાઈ પરમાર, હર્ષદભાઈ ત્રિવેદી, ભરતભાઈ ત્રિવેદી સહિત કોંગ્રેસ હોદ્દેદારો અને કાર્યકરોએ જણાવ્યું હતું કે વડોદરા લોકસભા સીટ કોંગ્રેસ ઉમેદવાર મધુસુદન મિસ્ત્રીની પોલીસ ધ્વારા ધરપકડ સંદર્ભે ભિલોડામાં કોંગ્રેસ કાર્યકરો અને હોદ્દેદારો ધ્વારા વિરોધ પ્રદર્શન કાર્યક્રમ યોજાયો. ભારત દેશના ભાજપના વડાપ્રધાન પદના ઉમેદવાર અને ગુજરાત રાજ્ય મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદી વિરોધ સુત્રોચારો કરી કોંગ્રેસ હોદ્દેદારો અને કાર્યકરો વિરોધ પ્રદર્શન કરેલ હતો. કોંગ્રેસના આધારભુત સુત્રો ધ્વારા પ્રાપ્ત માહિતી મુજબ પોસ્ટર વિવાદ વકરતાં મધુસુદન મિસ્ત્રી સહિત કોંગ્રેસ કાર્યકરોની ધરપકડ કરાતાં ભિલોડામાં કોંગ્રેસ હોદ્દેદારો અને કાર્યકરો ધ્વારા વિરોધ પ્રદર્શનનો કાર્યક્રમ યોજાયો હતો.

# રાસલોડ ગામે ઘોડીને તાલીમ આપતા વિફરેલી ઘોડી માલિકનો ભોગ લીધો

## ઘોડી તારની વાડ સાથે અથડાતા તેનું પણ મોત

પ્રાંતિજ, તા. ૩

પ્રાંતિજ તાલુકાના રાસલોડ ગામમાં રહેતા અશ્વપ્રેમી અને અશ્વના માલિકને પોતાના જ અશ્વને નૃત્યની તાલીમ આપવાનું ભારે પડી ગયું હતું. તાલીમ આપતી વખતે અચાનક જ ઘોડી વિફરતા માલિકને જ અડફેટે લેતા માલિકનું કરૂણ મોત થતુ હતુ. તો સાથોસાથ ઘોડીનું પણ ગંભીર રીતે ઘવાતા કરૂણ મોત થવા પામ્યું.

પ્રાંતિજ તાલુકાના રાસલોડના લખાજી વક્તુજી પરમાર ઉં.વ. ૪૫ વર્ષોથી અશ્વના શોખીન હતા અને લગ્ન કે શુભ પ્રસંગે પોતાની ઘોડીને ભાડે આપી પોતાનું ગુજરાન ચલાવતા હતા. દરમિયાન હાલમાં જ એક નવો ઘોડો વસાવ્યો હતો.

ગત તા. ૨જી એપ્રિલના રોજ સાંજના સમયે ઘોડીના માલિક લખાજી ઘોડીને નૃત્યની તાલીમ આપી રહ્યા હતા બસ આજ અરસામાં ઘોડી અચાનક ક્રોધિત થતા ઘોડેસવાર માલિક ઘોડી પરથી નીચે સરકી ગયા હતા અને તેમનો પગ પેગડામાં ફસાઈગયો હતો અને ઘોડી દોડવા માંડી હતી. આથી માલિક પણ દૂર સુધી માર્ગમાં ઘસડાયા હતા. અને શરીરે ગંભીર ઈજાઓ થતા તેમને સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમિયાન તેમનું કરૂણ મોત નિપજ્યું હતુ. તો બીજી તરફ ઘોડી પણ નજીકની ફેન્સીંગ વાડ સાથે ધડાકાભેર અથડાતા ઘોડીની આંખો ફુટી ગઈ હતી અને શરીરે તાર વાગતા આખુ શરીર લોહી લુહાણ બનતા ઘોડીએ પણ માલિકની સાથે પ્રાણ છોડી દીધો હતો. આમ માલિક તથા ઘોડીના એક સાથે મોત થતા સમગ્ર પંથકમાં ભારે અરેરાટી ફેલાઈ હતી.



ડીસા શહેરમાં બાબા રામદેવ પીરનું પ્રાચિન મંદિર આવેલ છે. જયાં ભવિકો દ્વારા ચૈત્રીબીજની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. આ ધાર્મિક મહોત્સવમાં ૧૦૮ દિવડાની આરતી કરી મહાપ્રસાદનું પણ આયોજન કરવામાં આવ્યું હતું અને મોટી સંખ્યામાં ધર્મપ્રેમી જનતાએ દર્શનનો લાભ લઈ ધન્યતા અનુભવી હતી. (તસવીર : કાન્તિલાલ લોધા)



## આજે જોઈતાભાઈ પટેલ ઉમેદવારી નોંધાવશે

પાલનપુર, તા. ૩

આજે બનાસકાંઠા બેઠક માટે કોંગ્રેસ પક્ષના જાહેર થયેલ ઉમેદવાર શ્રી જોઈતારામ પટેલ વિજય મુહૂર્તમાં પોતાની ઉમેદવારી કલેક્ટર કચેરી ખાતે નોંધાવશે. કલેક્ટર કચેરી ખાતે ફોર્મ ભરવા જતાં પૂર્વે પ્રદેશ પ્રમુખ શ્રી મોઢવાડિયા અને સિદ્ધાર્થ પટેલની ઉપસ્થિતિમાં યોજાયેલ કાર્યકર્તાઓની બેઠકમાં પણ તેઓ હાજરી આપશે. જિલ્લા કાર્યાલયથી શ્રી જોઈતાભાઈ પ્રદેશ આગેવાનો સાથે ફોર્મ ભરવા માટે જશે.

# ઈડરની યુનિક યુ સ્કૂલમાં આંતરરાષ્ટ્રીય શિક્ષકો દ્વારા ગણિતનું કોચિંગ અપાયું

ઈડર, તા. ૩

સાબરકાંઠા જિલ્લાના ગ્રામ્ય વિસ્તારના બાળકોને શહેરના શિક્ષણની સમકક્ષ સગવડો અને અનુભવો સાથેનું ગુણવત્તાસભર શિક્ષણ દરેક વાલીને પોસાય તેવી ફી માં પુરૂ પાડતી ઈડરની યુનિકયુ ઈન્ટરનેશનલ સ્કૂલમાં ગણિત વિષયને ખાસ મહત્વ આપી વિવિધ પદ્ધતિઓ દ્વારા બાળકોને ગણિત ભણવામાં રસ ઉભો થાય તેવા પદ્ધતિસરના પ્રયત્નો હાથ ધરવામાં આવી રહ્યા છે.

યુનિકયુ ઈન્ટરનેશનલ સ્કૂલમાં વિદ્યાર્થીઓ અને શિક્ષકોએ નિષ્ણાતોની મદદ લઈને ૫૦ જેટલા ગણિતના મોડેલ્સ બનાવ્યા છે. આ મોડેલ્સ દ્વારા ગણિતના પાયાના ખ્યાલો બાળકોને સરળતાથી સમજાવવામાં આવે છે. બાળકો પોતે પણ વ્યક્તિગત અને સામુહિક રીતે પસંદ કરેલ મોડેલ પર પોતાનું પ્રેઝન્ટેશન આપી અન્ય વિદ્યાર્થીઓને આ ખ્યાલો સમજાવે છે. વિદ્યાર્થીઓને શાળા દ્વારા આંતરરાષ્ટ્રીય સ્તરે યોજાતી ગણિતની પરીક્ષાઓની તૈયારી પણ પ્રાથમિક કક્ષાએથી જ કરાવવામાં આવે છે. ગણિત ઓલમ્પીયાડ માટે જરૂરી કોચિંગ તથા સાહિત્ય પણ સ્કૂલ તરફથી આપવામાં આવે છે. વિદ્યાર્થીઓની ઝડપ અને ચોકસાઈ સાથે ગણતરી કરવાની આવડત પદ્ધતિસર વિકસાવવાના પ્રયત્નો પણ કરવામાં આવે છે.

ગણિત વિષયમાં બાળકોની રૂચિ વિકસાવવા અમેરિકા અને જર્મનીના શિક્ષકોને શાળામાં આમંત્રિત કરવામાં આવ્યા હતા. અમેરિકાના નિષ્ણાંત શિક્ષક બોબ બોરાટ્ટાએ અવનવી રીતોથી બાળકોને ગણિતના પાયાના ખ્યાલો સમજાવ્યા હતા. તેમણે વિદ્યાર્થીઓને વિવિધ દેશોના સમયના તફાવતની ગણતરીમાં ગણિતનો ઉપયોગ કેવી રીતે કરવો તે અંગે માહિતી આપી હતી.



(તસવીર : જીતેન્દ્ર પટેલ, ધનસુરા)

# માલપુર ટીસ્કી શાળા ખાતે નિવૃત્તિ વિદાય સમારંભ યોજાયો

મુલોજ, તા.૩

માલપુર તાલુકાની ટીસ્કી પ્રાથમિક શાળામાં ધો-૮ના વિદ્યાર્થીઓનો વિદાય તથા સુદીર્ઘ શિક્ષક તરીકે કારકીર્દી ધરાવતા શર્મિષ્ઠાબેન જોષીનો નિવૃત્તિ શુભેચ્છા સમારંભ મહેશ ઉપાધ્યાયના અધ્યક્ષસ્થાને યોજાયો હતો.

આ કાર્યક્રમમાં હોમિયોપેથ રજીસ્ટ્રાર નરેશ ઉપાધ્યાય, નિલેશ જોષી, છાયાબેન ઉપાધ્યાય અને શિક્ષણ તજજ્ઞ ડૉ. સંતોષ દેવકર ઉપસ્થિત રહ્યા હતા.

દરમિયાન શાળાના આચાર્ય નટુભાઈ પટેલે સ્વાગત પ્રવચન કર્યું હતું. કાર્યક્રમમાં જૂથ પરિવારના શિક્ષકો નિવૃત્ત શિક્ષકો, સ્નેહીઓ વિદ્યાર્થીઓ તથા વિશાળ સંખ્યામાં ગ્રામજનો જોડાયા હતા જયારે નિવૃત્ત થઈ રહેલ શર્મિષ્ઠાબેનની સેવાઓની કદર કરી શાલ અને પ્રમાણપત્ર આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. ઉપરાંત ધર્મેન્દ્ર ત્રિવેદીએ નિવૃત્ત થનાર શિક્ષકની સંઘર્ષ ગાથા અને નોકરી દરમિયાન તેમની નિષ્ઠા, પ્રમાણિકતા અને સેવાઓને બિરદાવવામાં આવી હતી.



# સુરતમાં વેપારી દ્વારા ગળે ફાંસો ખાઈને આત્મહત્યા

સુરત, તા.૦૩

ડાયમંડ નગરી તીરકે જાણીતા સુરત શહેરમાં હીરા અને ફાયનાન્સનું કામ કરતા ૪૫ વર્ષીય યુવકે ગળે ફાંસો ખાયને જીવન ટુંકાવ્યું હોવાનું પ્રકાશમાં આવ્યું છે. આ આપઘાત પાછળનું કારણ દેવાનું બોજ હોવાનું સુસાઈડ નોટ દ્વારા જાણવા મળ્યું હતું.

સુત્રો દ્વારા મળતી વિગત અનુસાર, સુરતના અડાજણ વિસ્તારમાં આવેલી એલપી સવાણી પાસેના સ્તવન રો-હાઉસમાં રહેતા ભાગ્યેશભાઈ પરીખ પોતાના ઘરમાં પંખા પર લકટીને જીવન ટુંકાવ્યું છે. ઘટના સ્થળેથી ભાગ્યેશભાઈએ લખેલી સુસાઈડ નોટ પણ મળી આવી હતી. આ સુસાઈડ નોટમાં તેમણે પોલીસ કમિશ્નર તથા વેપારીઓને ઉદ્દેશીને વાત કરી હતી.

જમીન વેચી પરંતુ તેના પૈસા સમયસર ન મળતા તેઓ લેણદારોને પૈસા ચુકવી શક્યા નહોતા. તેથી તેમણે આ ગંભીર પગલું લીધું હોવાનું પ્રકાશમાં આવ્યું છે. ભાગ્યેશભાઈના આપઘાતના પગલે તેમના પરીવારજનો પર જાણે દુઃખના વાદળો તુટી પડ્યા હતા.

# એએપીના ગુજરાત કન્વીનર સુખદેવ પટેલનો અકસ્માત

અમદાવાદ, તા.૦૩

ગુજરાતમાં આમ આદમી પાર્ટીના નેતા અને કન્વીનર સુખદેવ પટેલની ગાડી અન્ય એક ગાડી સાથે ટકરાઈ ગઈ હતી. જો કે, આ અકસ્માતમાં નજીવી ઈજા થઈ હતી પરંતુ તેમનો બચાવ થયો હતો. ધરણીધર પાસે આ બનાવ બન્યો હતો. તેમની ગાડીને અન્ય એક ગાડીએ પાછળથી ટક્કર મારી હતી. અકસ્માત સર્જનાર સામે ફરિયાદ દાખલ કરવામાં આવી છે. આ અકસ્માતમાં આપના કન્વીનર સુખદેવ પટેલને હાથમાં ઈજા પહોંચી હતી. બાદમાં તેમને સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડાયા હતા.

આજે સવારે સાડા નવ વાગ્યાની આસપાસ આપ પાર્ટીના કન્વીનર સુખદેવ પટેલ પોતાના ઘરેથી વાહન પર આપની કચેરી જઈ રહ્યા હતા, ત્યારે ધરણીધર દેરાસર પાસેના શ્રેયસબ્રીજ ઉતરીને તેઓ યુ-ટર્ન લઈ રહ્યા હતા, ત્યારે પાછળથી પુરઝડપે આવી રહેલી કારે તેમને અડફેટે લીધા હતા. એકાએક પોતાના વાહનનું બેલેન્સ ગુમાવતા તેમનો અકસ્માત થયો હતો. અકસ્માતમાં તેમને હાથ પર ઈજા પહોંચતા સારવાર અર્થે હોસ્પિટલ લઈ જવાયા હતા. બાદમાં સુખદેવ પટેલે આ અકસ્માત અંગે એલીસબ્રીજ પોલીસ મથકમાં ફરીયાદ નોંધાવી હતી.



## પાટણ લોકસભા સીટના ઉમેદવાર લીલાધર વાઘેલાએ ઉમેદવારી પત્ર ભર્યુ

પાટણ લોકસભા બેઠકના ભાજપના ઉમેદવાર લીલાધર વાઘેલાના સમર્થનમાં આજે પાટણ ચાણસ્મા હાઈ-વે પર આવેલ ઉત્સવ પાર્ટી પ્લોટમાં હોદ્દેદારો-કાર્યકરોની એક બેઠક યોજાઈ હતી. જેમાં પાટણ સીટ જંગી બહુમતીથી જીતાડવા માટેની તૈયારીઓ દર્શાવી હતી. બાદમાં પાર્ટીના પાંચ આગેવાનોની હાજરીમાં લીલાધર વાઘેલાએ જિલ્લા ચૂંટણી અધિકારી સમક્ષ પોતાની ઉમેદવારી નોંધાવી હતી. (તસવીર : ચેતન રામી, પાટણ)

# સાબરકાંઠા જીલ્લા લોકસભા ચુંટણી નિમિત્તે ભિલોડામાં ભાજપ કાર્યાલયનો ઉદ્‌ઘાટન સમારંભ યોજાયો

ભિલોડા,તા.૩

અરવલ્લી જીલ્લાના ભિલોડામાં સાબરકાંઠા જીલ્લા લોકસભા ચુંટણી નિમિત્તે ભાજપ કાર્યાલયનો ઉદ્‌ઘાટન સમારંભ યોજાયો. સાબરકાંઠા જીલ્લા લોકસભા સીટ ભાજપ ઉમેદવાર દિપસિંહજી રાઠોડ (પ્રાંતિજવાળા)નું ઘોડા ઉપર બેસાડી કુંમ-કુંમ તીલક કરી વરઘોડું કાઢી વાજતે-ગાજતે સન્માન ભિલોડા ભાજપ હોદ્દેદારો,કાર્યકરો ધ્વારા કરાયું હતું. દિપસિંહજી રાઠોડને જંગી બહુમતીથી વિજય અપાવવા માટેની સભાનો કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે મહેન્દ્રસિંહ ચૌહાણ, કનુભાઈ પટેલ, ભરતસિંહ રહેવર, ગુણવંતભાઈ ત્રિવેદી, કિર્તીકુમાર બારોટ, મનોજભાઈ પટેલ, કાંતીલાલ પટેલ, લાલસિંહ ચૌહાણ, નીલાબેન મડીયા, અરવિંદાબેન ચૌધરી, રાજેશભાઈ નિનામા, ગજાનંદભાઈ પ્રજાપતી, બિપીનભાઈ પટેલ, રણવીરસિંહ ડાભી, હિતેન્દ્રસિંહ સિસોદીયા, શંકરલાલ ગુર્જર, રઘજીભાઈ પટેલ, દામુલાલ પટેલ, કમલેશભાઈ મહેતા, કાનજીભાઈ બામણીયા, અમરતલાલ ભાવસાર, ભીખાભાઈ ભાટીયા, જીતુભાઈ ભાટીયા, રતીલાલ દરજી, ભાવેશભાઈ ત્રિવેદી, પરેશભાઈ ત્રિવેદી, જીતભાઈ ત્રિવેદી, મિતુલભાઈ બારોટ, જીગરભાઈ ત્રિવેદી, યોગેશભાઈ બુધ્ધ, જગદીશભાઈ પટેલ, મુકેશભાઈ પંચાલ, સંકેતભાઈ ચૌધરી, યજ્ઞેશભાઈ પંચાલ, ચેતનસિંહ કચ્છાવા સહિત ભિલોડા તાલુકા ભાજપ સંઘઠન હોદ્દેદારો, કાર્યકરો ખુબ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

સાબરકાંઠા જીલ્લા ભાજપ લોકસભા સીટ ઉમેદવાર દિપસિંહજી રાઠોડ અને ભાજપ અગ્રણીઓએ પ્રાસંગિક પ્રવચનમાં જણાવ્યું હતું કે કેન્દ્રની યુ.પી.એ.કોંગ્રેસ સરકારએ મોંઘવારીમાં તીવ્ર ધરખમ ભાવવધારો કરી પ્રજાજનોની આર્થિક કમર તોડી નાંખી છે સાથે-સાથે લાખ્ખો કરોડો રૂપિયાના કૌભાંડો આચર્યા છે. સાબરકાંઠા જીલ્લા લોકસભા સીટ કોંગ્રેસ ઉમેદવાર શંકરસિંહ વાઘેલા અને કોંગ્રેસ સરકાર ઉપર શાબ્દીક રીતે આકરા પ્રહારો કર્યા હતા. ભિલોડા તાલુકાના જાગૃત મતદારોને અપીલ કરી જણાવ્યું હતું કે ભાજપના સિમ્બોલ ઉપર આપનો કિંમતી અને પવિત્ર મત આપી અપાવી જંગી બહુમતીથી સાબરકાંઠા જીલ્લા લોકસભા સીટ ભાજપ ઉમેદવારને વિજય અપાવવા નમ્ર અપીલ કરી હતી. ભિલોડા તાલુકા પંચાયત કોંગ્રેસ સદસ્ય ઈલાબેન દરજી, રતીલાલ દરજી, ભાવેશભાઈ ત્રિવેદી સહિત મોટી સંખ્યામાં કોંગ્રેસ કાર્યકરો કોંગ્રેસ સાથે છેડો ફાડી ભાજપમાં સન્માનભેર જોડાયા હતા. દિપસિંહજી રાઠોડ,નીલાબેન મડીયા સહિત ભાજપના હોદ્દેદારો,કાર્યકરોએ સન્માનભેર તેમને આવકારી ભાજપનો ખેસ પહેરાવી સન્માન કર્યું હતું.





# ભિલોડામાં શ્રી એકલીંગજી દાદાનો ૧૧મો પાટોત્સવ યોજાયો

ભિલોડા, તા.૩

અરવલ્લી જીલ્લાના ભિલોડામાં હાથમતી નદી કિનારે આવેલ શ્રી વૈજનાથ મહાદેવ મંદીર પટ્ટાંગણમાં શ્રી એકલીંગજી દાદાનો ૧૧મો પાટોત્સવ ભક્તિભાવપુર્વક યોજાયો હતો. શ્રી એકલીંગજી દાદાના પાટોત્સવ નિમિત્તે ભાવિક ભક્તો દર્શનાર્થે ઉમટ્યા હતા.મહાપ્રસાદીનો લાભ શ્રધ્ધાળુ ભાવિક ભક્તો લીધો હતો. ભિલોડા ત્રિવેદી મેવાડા બ્રાહ્મણ બારીશી સમાજના ભાઈઓ, બહેનોએ શ્રી એકલીંગજી દાદાના પાટોત્સવ કાર્યક્રમને સફળ બનાવવા જહેમત ઉઠાવી હતી.

# સચિન સાથે જનાર અધિકારીઓ સામે ફરિયાદ દાખલ

ગીર, તા.૦૩

ક્રિકેટ જગતના માસ્ટર બ્લાસ્ટર સચિન તેંડુલકર થોડા સમય અગાઉ પોતાના પરિવાર સાથે ગુજરાતના પ્રવાસે આવ્યા હતા. તે દરમ્યાન સચિન તેંડુલકર સાથે જનારા અધિકારીઓ વિરૂદ્ધ ચૂંટણી પંચ સમક્ષ ફરીયાદ દાખલ કરાવવામાં આવી છે. આ ફરીયાદ જુનાગઢની "ધ રાઈટ ટુ ઈન્ફોર્મેશન એક્ટિવિસ્ટ એસોસિએશન" દ્વારા કરાય હોવાનું જાણવા મળ્યું છે.

આ ફરીયાદમાં જણાવ્યું છે કે ૨૨ માર્ચના રોજ સચિન તેંડુલકર પોતાના પરિવાર સાથે સાસણગીર અભ્યારણ્યમાં સાથે જનારા અધિકારીઓએ મોડલ કોડ ઓફ કંડકટનો ભંગ કર્યો છે. જેથી તે અધિકારીઓ સામે પગલાં લેવામાં આવે તેવી માંગ કરાઈ છે. ફરીયાદમાં જણાવ્યું કે વનવિભાગના અધિકારી આરએલ મીણા અને સંદીપકુમારે સરકારી વાહનનો ઉપયોગ કર્યો હતો. સાથે અભ્યારણમાં નક્કી કરાયેલ સમય કરતા વધુ સમય ત્યાં રહ્યા હતા.

ગાંધીનગરવાસીઓના અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામ ● મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...
સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ
● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટ્ઝ તેમજ
વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી
એક્સક્લુસિવ શો-રૂમ
AGL Radhe
TILES WORLD ENTERPRISE
પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે,
કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧